દાખલ તા. ૦૬/૦૩/૨૦૨૬
ફેસલ તા. ૧૧/૦૩/૨૦૨૬
અવધિ:–
દિવસ–૦૫, માસ–૦૦, વર્ષ–૦૦

**ગાંધીનગર જિલ્લાના છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ–ગાંધીનગર**

**<u>ફોજદારી પરચુરણ અરજ નં. ૩૭૨/૨૦૨૬</u>**

**આંક :**

**અરજદારો:– ૧) કૃપાલકુમાર હરેશભાઈ જોગી,**
ઉ.વ.૩૫, ધંધો : નોકરી,
રહે.બી/૭૦૧, શ્યામ હિલ્સ,
જી.એસ.ટી ક્રોસીંગ પાસે, ન્યુ રાણીપ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:– ૧) શ્રી સરકાર**

---

**બાબત:– બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ મુજબ મુદામાલ પરત મેળવવા અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.વી.ચૌધરી**
**સામાવાળા તરફે વિદ્વાન ડી.જી.પી.શ્રી એચ.એન.રાવલ**

---

**:: <u>ઠરાવ</u> ::**

**૧.** હાલની અરજી માણસા પોલીસ સ્ટેશન ફ.ગુના રજી.નં.૫૬/૨૦૧૪ ના ગુનાના કામે પોલીસ તપાસ દરમ્યાન મેળવેલો મુદદામાલ સોનાની ચેન અને સોનાની વિંટી પરત મેળવવા દાખલ કરેલી છે.

**૨.** અરજી સંદર્ભે અરજદારના વિ.વ.શ્રી.ની રજૂઆત છે કે, અરજદારની માલિકીનો મુદ્દામાલ ચોરાયો હતો, જે પોલીસે રીકવર કર્યો છે અને તે મુદ્દામાલ અત્રેની કોર્ટમાં જમા છે. આ મુદ્દામાલ અરજદારની માલિકીનો છે અને

અવાર–નવાર શુભ પ્રસંગે પહેરવા માટે જરૂર પડે છે. લાંબો સમય સુધી જો તે પડી રહે તો તેની કિંમત અને સ્થિતિને પણ નુકસાન થાય તેમ છે. તે સંજોગોમાં અરજી મંજૂર કરવા અને મુદ્દામાલ અરજદારને પરત સોંપવા માટે અરજદારે વિનંતી કરેલી છે.

૩. સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરી છે કે, તપાસ કરનાર અમલદારે જે અભિપ્રાય આપ્યો છે તે પ્રમાણે હાલના અરજદારનો ચોરાયેલો મુદ્દામાલ હતો, પરંતુ ટ્રાયલ પેન્ડીંગ છે. તે સંજોગોમાં અરજદારની અરજી મંજૂર કરવી જોઈએ નહીં.

૪. આ અરજી જે ગુનાના કામે દાખલ કરવામાં આવી છે, તેમાં પોલીસે ચાર્જશીટ રજૂ કર્યું. તે કેસ અત્રેની કોર્ટમાં કમીટ થઈને રજૂ થતાં તે સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૯ થી પેન્ડીંગ છે. આ કેસના આરોપી નં.૦૨ લાલજીભાઈ સાંકળચંદ સોની પાસે પોલીસે આ મુદ્દામાલ રીકવર કર્યો હતો તેવું તપાસના કાગળો પરથી જણાઈ રહયું હોય, આ અરજીના કામે લાલજીભાઈના વકીલશ્રી બી.એન.ભગોરાને સાંભળ્યા છે. તેમણે રજૂઆત કરી છે કે, આ મુદ્દામાલ આરોપી લાલજીભાઈની માલિકીનો છે. તેથી અરજદારની અરજી નામંજૂર કરવી જોઈએ.

**૫. મારું એવું માનવું છે કે, આ અરજી મંજૂર કરવી જોઈએ. તે માટેના કારણો નીચે પ્રમાણે છે:**

**એ)** આ મુદ્દામાલ ગુનાની તપાસના કામે પોલીસે રીકવર કર્યો છે. ફરિયાદીએ તેની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ બસમાં મુસાફરી કરી રહયા હતા ત્યારે તેમને કેફી પીણું પીવડાવીને આરોપી નં.૦૧ દવારા આ મુદામાલ ચોરી કરી લેવામાં આવ્યો હતો. જે પોલીસે તપાસ દરમ્યાન રીકવર કર્યો છે. સને–૨૦૧૪ ની સાલની હાલની આ ઘટના છે.

**બી)** તા.૦૨/૦૯/૨૦૧૪ ના રોજ આરોપી લાલજીભાઈ પાસેથી આ મુદ્દામાલ પોલીસે રીકવર કર્યો ત્યારથી આજસુધી લાલજીભાઈએ આ મુદામાલ કયારેય કલેઈમ કર્યો નથી.



*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

**સી)** આ મુદ્દામાલ અરજદારની માલિકીનો છે તેવું અરજદારે પોતાની ફરિયાદમાં અને અરજીમાં જણાવ્યું છે. આ ઉપરાંત અરજદારે એવું પણ કહ્યું છે કે, સ્થાનિક સોની પાસેથી આ દાગીના ખરીદ્યા હતા, તેના બિલ ખોવાઈ ગયા છે, પરંતુ કોર્ટ જે કઈ શરતો ફરમાવે તેનું અરજદાર પાલન કરશે. તે સંજોગોમાં આ મુદ્દામાલ જો અરજદારને શરતોને આધિન સોંપીએ તો તે વધારે ઉચિત છે. સાથે–સાથે ટ્રાયલ વખતે આ મુદ્દમાલની ઓળખ થઈ શકે તે પ્રમાણેની પણ વ્યવસ્થા કરીને આ મુદ્દામાલ સોંપવામાં આવે તો તે વધારે સગવડભર્યુ રહેશે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું:

**:: <u>આખરી હુકમ</u> ::**

– અરજદારની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

– માણસા પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી.નં.૫૬/૨૦૧૪ ના કામે જમા લીધેલો મુદ્દામાલ સોનાની ચેન ૦૮.૧૯૦ ગ્રામ તથા સોનાની વિંટી ૦૩.૧૯૦ ગ્રામ નીચેની શરતોએ અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે:

**<u>શરતો</u> :**

**૧)** અરજદારે સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૯ ના આખરી નિકાલ સુધી આ મુદ્દામાલ યથાવત પરિસ્થિતિમાં પોતાની પાસે જાળવી રાખવાનો છે. તબદિલ કરવાનો નથી, વેંચવાનો નથી કે તેનો આકાર બદલાય તેવું કરવાનું નથી.

**૨)** અરજદારના ખર્ચે આ મુદ્દામાલના દરેક એંગલના ફોટોગ્રાફ લઈને માન્ય વજનકાંટા પર વજન તપાસી ડિસ્ટ્રીકટ કોર્ટ, નાઝરે આ મુદ્દામાલ અરજદારને પરત સોંપવો. કાર્યવાહીનું પ્રોસીડિંગ કરી અરજદારની સહિ લેવી અને અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૯ માં સામેલ રાખવા મોકલી આપવા. આ કાર્યવાહીમાં આરોપી નં.૦૨ લાલજીભાઈ સોનીને હાજર રાખવાં.



*V.G.RANA*
*6th Addl. Sessions Judge,Gandhinagar*

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

૩) કોર્ટ જયારે પણ આદેશ કરે ત્યારે આ મુદ્દામાલ અરજદારે કોર્ટમાં જમા કરાવવાનો રહેશે.

૪) અરજદારે આ મુદ્દામાલ સોંપવા અંગેની બાંહેધરી અર્થે રૂા.૧,૫૦,૦૦૦/–ના જામીન રજૂ કરવાનાં રહેશે.

૫) કેસના કોઈપણ તબકકે આ મુદ્દામાલ કોર્ટમાં જમા કરવાનો આદેશ કરવામાં આવે અને જો અરજદાર મુદ્દામાલ રજૂ ન કરી શકે તો પરત જમા કરવાના આદેશના બજાર ભાવ મુજબની રકમ અરજદારે જમા કરવાની રહેશે.

આ હુકમ આજરોજ તારીખ **: ૧૧ માર્ચ, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:11/03/2026 **[Virendrasinh Gemalsinh Rana]**
Place:- Gandhinagar. 6th Additional Sessions Judge, Gandhinagar.
**//M.D.C//** GJ00964

ADDITIONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते